Series : AQ@QA

SET-4

Q.P. Code **09**

Roll No. | | | | | | | | |

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

- આ પ્રશ્નપત્રમાં 8 પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **6** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

- Please check that this question paper contains **8** printed pages.
- Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **6** questions.
- **Please write down the Serial Number of the question in the answer-book before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

*

# ગુજરાતી
# GUJARATI

*સમય સીમા : 2 કલાક* — *કુલ અંક : 40*

*Time allowed : 2 hours* — *Maximum Marks : 40*

***General Instructions :***

*Read the following instructions and follow :*

*(i)* *This question paper contains* ***three*** *sections. Literature, Grammar and Effective Writing Skill.*

*(ii)* *Literature containts* ***two*** *questions. Instructions given in the question itself.*

*(iii)* *Applied Grammar contain 1 question and Instruction given in the question.*

*(iv)* *Effective Writing Skill contains* ***three*** *questions and instruction given in the question.*

**સાધારણ સૂચનો :**

(i) આ પ્રશ્નપત્ર ત્રણ વિભાગમાં છે. સાહિત્ય વિભાગ, વ્યાકરણ અને લેખન કાર્ય વિભાગ.

(ii) સાહિત્ય વિભાગમાં બે પ્રશ્નો ગદ્ય-પદ્યના છે. જેમાં સૂચના પ્રમાણે જવાબો લખવાના છે.

(iii) વ્યાકરણ વિભાગમાં **એક** પ્રશ્ન છે. જેમાં પૂછ્યા પ્રમાણે જવાબો લખવાના છે.

(iv) લેખન કાર્ય વિભાગમાં ત્રણ પ્રશ્નો છે. જેમાં આપેલી સૂચના મુજબ ઉત્તર લખવાના છે.

*

## (Literature)

1. (A) નીચેનું કાવ્ય વાંચી આપેલા પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ બે) 2

દીવાનખાનાને / વ્યવસ્થિત કરું છું

ઘડી અહીં, ઘડી તહીં / વિવિધ ફેરફારથી –

વસ્તુનું મન પૂછી પૂછી / ગોઠવણ કરું છું.

સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું / બારીના પડદા બદલી કાઢ્યા

જૂના ગાલીચાની જગ્યાએ / Wall to wall કારપેટ નખાવી દીધી.

સુશોભને પ્રસન્ન થાય છે દીવાનખાનું / સઘળું બરાબર થાય છે ત્યારે જ

છટકે છે મારું મન- / આ બધામાં મને ક્યાં ગોઠવું ?

કેન્દ્ર શોધું છું / જ્યાં હું સરખું બેસું શકું....

– પણ બારી કનેથી રસ્તો નિહાળતી / હું જ ઊભી રહું છું.

**પ્રશ્નો** :

(1) દીવાનખાનામાં કવયિત્રી કોને પૂછીને વસ્તુ ગોઠવે છે ?

(2) સુશોભનથી કોણ ખુશ થાય છે ?

(3) 'કનેથી' તળપદા શબ્દનો શિષ્ટ અર્થ શું થશે ?

(B) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઇપણ **બે**) **4**

(1) 'તે બેસે અહીં' કાવ્યમાં કવિ કેવી રીતે પુણ્ય કરવા કહે છે ?

(2) 'તે બેસે અહીં' કાવ્યમાં પોતાની લાયકાત વિશે કોને પૂછવાની વાત છે ?

(3) દુહામાં ભાઈને કોની સાથે સરખાવ્યો છે ? શા માટે ?

(4) 'પંખીવાળા' મુક્તકમાં પંખીની વેદના વિશે લખો.

2. (A) નીચેનો ગદ્યખંડ વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **ત્રણ**) **3**

જવાબમાં ચોરે છેડે ખોસેલાં ચાર રત્નો હથેળીમાં ધરીને બતાવ્યાં. રાજાએ કહ્યું : 'વાત તો સાચી. ક્યાં રહે છે ?' પેલાએ ઠેકાણું આપ્યું. બંને છૂટા પડ્યા. રાજમહેલમાં જઈને રાજા તો સૂઈ ગયો. સવારે જુએ તો રાજમહેલની બારી ઉઘાડી. તરત બૂમ પડી કે રાજમહેલમાં ખાતર પડ્યું છે. થોડીવારમાં પ્રધાનજી આવ્યા, એમણે તપાસ કરી; જુએ છે તો બધું અકબંધ, કશું ગયેલું દેખાયું નહિ. એમ કરતાં પેલી દાબડી એમની નજરે ચઢી. ખોલી. અંદર ત્રણ રત્ન પડ્યાં હતાં. પ્રધાનને થયું કે કોઈ મૂરખો લાગે છે. ત્રણ રત્ન મૂકીને ગયો છે. એ ત્રણ એમણે ગજવામાં મૂકી દીધાં ને દાબડી એ ઠેકાણે મૂકી. રાજા પાસે જઈને પ્રધાનજીએ કહ્યું કે, 'મહારાજ, બધું તો સલામત છે. માત્ર દાબડીમાંનાં પેલાં સાત રત્નો ચોર લઈ ગયો છે.' રાજા કઈ બોલ્યો નહિ. એટલું જ કહ્યું કે જલ્દી ચોરને પકડી લાવો.

**પ્રશ્નો :**

(1) 'ખાતર પડવું' એટલે શું ?

(2) શેના આધારે કહી શકાય કે રાજમહેલમાં ચોરી થઈ છે ?

(3) રાજાએ કયો હુકમ આપ્યો ?

(4) 'મૂર્ખ' શબ્દના બે વિરુદ્ધાર્થી શબ્દો લખો.

(B) નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **બે**) **6**

(1) 'સૂરજ તો બધે જ સરખો' એકમમાં માનવ સ્વભાવની કઈ ખાસિયત વિશે વાત કરવામાં આવી છે તે ઉદાહરણ સાથે લખો.

(2) 'ઝબક જ્યોત' એકાંકીના આધારે માતૃહૃદયની વ્યથા વર્ણવો.

(3) જેઠીબાઈનું પાત્રાલેખન કરો.

**(Grammar)**

3. (A) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : **3**

(1) આંખો મીંચવી

(2) ધૂળમાં મળી જવું

(3) બાજી બગડવી

(B) નીચે આપેલાં વાક્યોને લેખનરુઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારી ફરીથી લખો : **4**

(1) સવિનય સાથ જણાવવાનું કે

(2) ગિરનાર પર્વતનાં પથ્થર પડ્યાં હતાં

(3) દિપકનાં બે દિકરા કાજળને અજવાસ

(4) આજ ની ધડીતે રળીયામણિ

## (Effective Writing Skill)

4. નીચે આપેલા કોઈપણ **એક** વિષય પર મુદ્દાના આધારે 200 શબ્દોમાં નિબંધ લખો : **7**

(1) વૃક્ષો બચાવો પર્યાવરણ બચાવો.

**મુદ્દાઓ :** (1) પ્રાસ્તાવિક (2) વૃક્ષ અને પર્યાવરણનો સંબંધ (3) વૃક્ષોનો ઉછેર અને જતન (4) વૃક્ષોનો અભાવ – મુશ્કેલી (5) પર્યાવરણ જાળવણીના ઉપાયો (6) ઉપસંહાર.

(2) પુસ્તકો આપણા મિત્રો

**મુદ્દાઓ :** (1) પ્રાસ્તાવિક (2) વાચનનું જીવનમાં મહત્વ (3) વાચનરસ કેળવવાના ઉપાયો (4) ગ્રંથ બતાવે પંથ (5) મોબાઈલ યુગમાં પુસ્તકનું મૂલ્ય (6) ઉપસંહાર.

(3) ગ્લોબલ વોર્મિંગ : વૈશ્વિક સમસ્યા

**મુદ્દાઓ :** (1) પ્રાસ્તાવિક (2) ગ્લોબલ વોર્મિંગનો અર્થ (3) જળવાયુ પરિવર્તન નાથવાના ઉપાયો (4) હું શું કરી શકું ? (5) ઉપસંહાર.

5. નીચે આપેલા મુદ્દાના આધારે વાર્તા લખી શીર્ષક અને બોધ લખો : **6**

**મુદ્દા** – એક સાબર – પોતાનાં શિંગડાં પર ખૂબ ગર્વ – બધાં પશુઓ કરતાં હું સુંદર – જળમાં પોતાનાં શિંગડાં નિહાળીને અભિમાન થવું. – એક દિવસ સિંહનો હુમલો થવો. – શિંગડાં વૃક્ષમાં સલવાવાં. મોતને ભેટવું. સાર

6. નીચે આપેલા વિષય પર પત્રલેખન અથવા જાહેરાતલેખન કરો : **5**

(1) તમારા વિસ્તારમાં ગંદકી ખૂબ વધી ગઈ છે. એ દૂર કરવા નગરપાલિકાના પ્રમુખને સંબોધીને અરજી લખો.

**અથવા/OR**

(2) 'ગાંધી દોઢસો' વિષય પર ગાંધીજીનાં કાર્યને અનુલક્ષીને એક સચિત્ર જાહેરાત લખો.

*